Aparajitha

# સફળતાનાં બીજ

## ત્રિમાસિક સમાચારપત્રક

## ઓક્ટોબર-ડીસેમ્બર-૨૦૧૯



જાગૃતિ દ્વારા પરિવર્તન

# નમસ્તે!

**૩૨**

***અંક***

ખાનગી વિતરણ માટે

વિગતો પાના નં.

નમસ્તે!. . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨
રાજસ્થાનમાં . . . . . . . . . . . . . . . . . . . . . . . . 3
હિમાચલપ્રદેશમાં . . . .. . . . . . . . . . . . . . . . . ૪
હરિયાણામાં . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪
ગુજરાતમાં . . . . . . . . . . . . . . . . . . . . . . . .૫
તમિલનાડુંમાં . . .. . . . . . . . . . . . . . . . . . . ૭
પડધા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૮

અપરાજિથા ફાઉન્ડેશન
૫એ, વી.પી. રાથિનસામી રોડ
બીબી કુલમ,
મદુરાઈ -૬૨૫૦૦૨
૦૪૫૨- ૪૩૭૫૨૫૨
info@aparajitha.org

જ્યારે અધિકારીઓ વિદ્યાર્થીઓની શિક્ષણની જરૂરીયાતને ઓળખી કાઢે છે અને તેને પૂર્ણ કરવા કામગીરી હાથ ધરે છે ત્યારે અસરો-પરીણામો સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ અંકના પ્રથમ ત્રણ વિભાગો હાથ ધરાયેલ કામગીરીની વિગતો દર્શાવે છે. જીવન કૌશલ્યશિક્ષણના સંપર્કમાં આવવાને લીધે કિશોર વયનાં બાળકો તથા શિક્ષકોમાં જોવા મળતા પરિવર્તનશીલ ફેરફારો અંગે ચોથો વિભાગ આપણને વધુ માહિતી આપે છે. આવું શિક્ષણ યોગ્ય વલણ કેળવવા ઉપરાંત ઔપચારિક શિક્ષણને પણ સુવિધા જનક બનાવે છે. બિનઔપચારિક શિક્ષણ આપતી સંસ્થાઓમાં બાળકો ઉપર જીવન કૌશલ્યશિક્ષણની અસરોનું વર્ણન પાંચમા વિભાગમાં કરવામાં આવ્યું છે.

**'સીડ્સ ઑફ સક્સેસ'**ની આ પત્રિકા છેલ્લાં આઠ વર્ષથી TTTના અમલીકરણ, વિકાસની ત્રિમાસિક અસરો વિશે માહિતી પ્રદાન કરી રહી છે. જાન્યુઆરી ૨૦૨૦થી સમાચાર પત્રિકાના સ્વરુપે પ્રકાશિત કરવામાં આવશે. નાની-મોટી ઘટનાઓનો સંક્ષિપ્ત સાર સંબંધિત વેબપેજ લીંક સાથે જોડી જે-તે URL જોડે નીચે મુજબ મૂકવામાં આવશે.

હરિયાણા સરકારના શિક્ષણ વિભાગે ધોરણ ૬,૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે ૧૬મી સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર દરમિયાન સાહસ શિબિર (એડવેન્ચર કેમ્પ)નું આયોજન કરેલું હતું, આ શિબિરમાં TTTના પાઠો ભણાવવામાં આવ્યા હતા.
https://www.aparajitha.org/tim-tim-tare-adventure-camps-in-haryana/

આપના સતત સહકાર અને સૂચનોની અપેક્ષા સહ,

***-સંપાદકીય ટીમ***

"થલિર થીરન થિત્તમ" (ટીટીટી) ૭ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય અંગેના શિક્ષણ શીખવાની તક આપે છે. કે જે આધારિત છે તે ૧૦ જીવન કૌશલ્યનું લીસ્ટ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન (WHO) કે જેમણે એવા પાઠોની રજૂઆત કરી છે કે જે બાળકોને ખુશનુમા વાતાવરણમાં શીખીને પોતાને સંકળાયેલ રાખી શકે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હેન્ડબુકનો ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષકો તેનો ઉપયોગ કરીને બાળકોને શીખવાડે છે જ્યારે હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને ડીવીડી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવાનો છે. જે ૨૦૦૮-૨૦૦૯માં ૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શરુ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯-૨૦૧૦ આગળ વધારવામાં આવ્યો હતો. તામિલનાડુમાં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આને માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફેલાવવામાં આવ્યો હતો. પાછળથી તે પ્રાથમિક સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં પણ વધારો કરવામાં આવ્યો હતો, કે જે TTT ટીટીટી માં રસ ધરાવે છે. હાલમાં તે નવો કાર્યક્રમ ૬ રાજ્યોમાં ચાલે છે -**તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણા.**

*(માલી નંદકિશોર દ્વારા આ અંકનું તામિલમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરેલ છે)*

# રાજસ્થાનમાં

ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય હેઠળ આવતું શિક્ષણ અને સંશોધન નેટવર્ક (ERNET) એક સ્વતંત્ર સાયન્ટીફીક સોસાયટી છે. રાજસ્થાનમાં શૈક્ષણિક કાર્યક્રમો આ સંસ્થા દ્વારા ટેલીકાસ્ટ કરવામાં આવે છે.




રાજસ્થાન સરકારના સ્કૂલ એજ્યુકેશનના શિક્ષણ મુખ્ય સચિવશ્રી ડૉ. આર. વેંક્ટેશ્વરને (IAS) આ નેટવર્ક દ્વારા 'ટિમ-ટિમ તારે'ની હિન્દી આવૃત્તિને પ્રસારિત કરવા આદેશ આપેલો છે. પરિણામે પ્રાથમિક શિક્ષણના સંચાલક શ્રી ઑમપ્રકાશ કાસેરાએ (IAS) ૨જી ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થાનાં ૩૪ કેન્દ્રો દ્વારા 'ટિમ-ટિમ તારે'ના પાઠો પ્રસારિત કરવા આદેશ આપ્યો હતો.



ઉદેપુરની જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા ખાતે કુ.આનંદી (IAS)ની ઉપસ્થિતિમાં પ્રથમ પ્રસારણ ૨૮મી ઓગષ્ટ ૨૦૧૯ના રોજ કરવામાંઆવ્યું હતું. ત્યારબાદ અન્ય DIET કેન્દ્રો ખાતે પણ TTTના પાઠોનું પ્રસારણ શરુ કરવામાં આવેલું. પરિણામે, ૩૩ જિલ્લાની ૧૩૨૦ શાળાઓમાં અભ્યાસ કરતાં ૪,૧૬,૦૦૦ વિદ્યાર્થીઓ જીવન કૌશલ્યશિક્ષણનો લાભ મેળવી રહ્યા છે.

# હિમાચલપ્રદેશમાં




હિમાચલપ્રદેશમાં 'ટિમ-ટિમતારે'ના અમલીકરણ માટે ૫મીમાર્ચ, ૨૦૧૯ના રોજ એમઓયુ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. તા.૧૩મીજુન થી ૨૫મી જુલાઈ સુધી શિક્ષકોને તાલીમ પૂરી પાડવામાં આવી. ત્યારબાદ, વિભિન્ન જિલ્લાઓના DIET કેન્દ્રો પરથી ત્યાં કામ કરતાં ટેલિકોમ્યુનિકેશન અધિકારીઓની મદદથી જુદીજુદી શાળાઓમાં 'ટિમ-ટિમતારે'ના વિડીયો લેસન પ્રસારીત કરવામાં આવ્યા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ડિસ્ટ્રિક્ટ પ્રોગામ અધિકારીઓની ઉપસ્થિતિમાં શિક્ષણનિયામકશ્રી દ્વારા રાજ્યસ્તરની બેઠકયોજવામાં આવી અને 'ટિમ-ટિમતારે'ના અમલીકરણ માટે BRC તાલીમમાં જીવન કૌશલ્યશિક્ષણ સમાવવા અંગે રાજ્યના પ્રોજેક્ટ સંચાલકશ્રી આશિષ કોહલી HASની અધ્યક્ષતામાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

# હરિયાણામાં

હરિયાણાના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને 'ટિમ-ટિમ તારે'ના વિડીયો પાઠ દર્શાવવામાં આવી રહ્યા છે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓ માટે રાજ્ય વિભાગની સાહસ શિબિર વાર્ષિક આકર્ષણ બન્યું છે. આ કાર્યક્રમના ભાગરુપે ધોરણ ૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે તા.૧૬મી સપ્ટેમ્બર થી ૭મી ઓક્ટોબર દરમિયાન પલવાલ જિલ્લાના ગડપુરી ખાતે રાષ્ટ્રીય યુવા સંસ્થા દ્વારા કુલ ચાર બેચમાં સાહસ શિબિર (એડવેન્ચર કેમ્પ)નું આયોજન કરાયેલ. જેમાં કુલ ૧૧૮૮ વિદ્યાર્થીઓ (કિશોર અને કિશોરીઓ) તથા ૧૩૨ શિક્ષકો (મહિલા અને પુરુષ)એ ભાગ લીધો હતો. કિશોર વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શિક્ષણની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને 'ટિમ-ટિમ તારે'ના વિડીયો પાઠ પૂરા પાડવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં

TTTની ગુજરાતી આવૃત્તિ 'ટિમ-ટિમ તારા' ગુજરાતમાં ૬ વર્ષ પહેલાં પ્રાથમિક શાળાઓમાં શરુ કરાયેલ હતી. કસ્તુરબા રેસીડેન્સિયલ સ્કૂલ ફોર ગર્લ્સમાં ૨૦૧૬થી જ્યારે ઉચ્ચતર માધ્યમિક શાળામાં જાન્યુઆરી ૨૦૧૯થી શરુ કરવામાં આવેલ છે. શિક્ષણ સહાયક અને વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ ખૂબ પસંદ આવ્યો અને તેઓએ તેમના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

**રેસીડેન્સિયલ સ્કૂલમાં...**



ડાંગ જિલ્લાના સાપુતારા તાલુકામાં ગીરીનગર ખાતેની કસ્તુરબા ગર્લ્સ સ્કૂલનાં મુખ્યશિક્ષિકા સેજલબેન પટેલના મતે....

તેઓ જણાવે છે "આ શાળામાં રહેતી કિશોરીઓ દૂર દૂરનાં ગામોમાંથી અભ્યાસ માટે આવેલ છે. તેઓ જીવન કૌશલ્યથી પરિચિત નથી. જે અમે 'ટિમ-ટિમ તારા' વીડિયો પાઠો દ્વારા પ્રદાન કરીએ છીએ. આ કાર્યક્રમ અંતર્ગત આવતી કોઈપણ પ્રવૃત્તિઓ જેમ કે રમતો, રોલ-પ્લે કે ગીતો વિગેરેમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે. તેનાથી તેમના વર્તનમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે. જેમ કે, તેઓ એકબીજા પાસેથી ઘણી બધી વસ્તુઓની આપ-લે કરતાં રહેતાં પણ ક્યારેય આભાર વ્યક્ત કરતાં ન હતાં. હવે તેઓ એકબીજા સાથે ચીજવસ્તુ આપ-લે કરીને આભાર વ્યક્ત કરે છે તથા માન આપે છે. ઉપરાંત લાઈટ કે પંખાનો ઉપયોગ ના હોય ત્યારે ઊર્જા બચાવવા કે નળ ટપકતો હોય ત્યારે પાણીનો બગાડ અટકાવવા તેને બંધ કરતાં શીખ્યાં છે. તેમનામાં પરસ્પર વિચારોમાં મતભેદ થાય ત્યારે ચીસો પાડવાને બદલે ચર્ચા દ્વારા ઉકેલ લાવતાં શીખ્યાં છે. તેઓની ભાષામાં પ્રેમ છલકાય છે અને એકતા જળવાઈ રહી છે. અગાઉ તેઓને પરીક્ષા દરમિયાન અમે સતત ટોકતા રહેતાં, પણ હવે તેઓ આત્મવિશ્વાસુ બન્યાં છે અને તેમનું લક્ષ્ય નિર્ધારીત કરતાં શીખ્યાં છે. પરિણામે, તેઓ તણાવ વગર પરીક્ષા માટે પૂરતી તૈયારી કરે છે." સ્મિત સાથે જણાવ્યું કે 'ટિમ-ટિમ તારા'ના પાઠ સાંભળ્યા પછી કેટલાક સકારાત્મક ફેરફારો સાથે મારી પોતાની વિચારદશામાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.

## ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે...



નારાયણ ગુરુ વિદ્યાલયના ધોરણ 11ના વિદ્યાર્થી કાશ્વી પટેલે તેમના અનુભવ જણાવતાં કહ્યું કે – ટિમ ટિમ તારાના વિડીયો પાઠથી મારો અભ્યાસ સરળ બની ગયો. જેમ કે, યાદશક્તિના કૌશલ્યના પાઠમાં પેરામિશીયમનો આકાર યાદ રાખવાની સરળ તકનીક દર્શાવવામાં આવી છે. જૂની યાદશક્તિને તાજી કરવામાં નેમોનીક્સનો ઉપયોગ કરતાં શીખ્યો છું. અન્ય સજીવોની માહિતી સરળતાથી યાદ કરવા માટે હું આ પદ્ધતિનો ઉપયોગ કરું છું. આ પદ્ધતિથી મને લાંબા સમય સુધી યાદ રહે છે તેના માટે ગોખણપટ્ટીની જરુર પડતી નથી.

ગાંધીનગરના રાંદેસણ સ્થિત જે. એસ. વિદ્યામંદિરમાં ધોરણ-11માં ભણતા મહેશ ઠાકોર જણાવે છે કે – વિજ્ઞાનના વિષયોને હું વૈકલ્પિક વિષયો તરીકે રાખવા માગતો હતો પણ મારાં માતા-પિતાને લાગતું હતું કે વિજ્ઞાનના વિષયો મને અઘરા થઈ પડશે અને અમારા પારિવારિક સંજોગોને લીધે પણ તેઓ વિજ્ઞાનશાખા પસંદ કરવાની સ્થિતિમાં ન હતાં પરંતુ તેમની ચેતવણી તથા આશંકાઓને અવગણીને હું વિજ્ઞાનશાખામાં જોડાયો. સખત મહેનત અંગે ટિમ ટિમ તારાના પાઠો મેં નિહાળ્યા. હું સારી રીતે સમજી ગયો કે કોઈપણ વ્યક્તિએ પોતાનું ધ્યેય સિદ્ધ કરવા કઠીન પરીશ્રમ કરવો જ પડે અને અવરોધો દૂર કરવા પડે છે. તે આત્મવિશ્વાસથી જણાવેછે કે મારા લક્ષ્યને પ્રાપ્ત કરવા મારાથી બનતા તમામ પ્રયત્નો કરી છૂટીશ.





આ જ વર્ગની વિદ્યાર્થિની માનસી પ્રજાપતિ પોતાનો અનુભવ વર્ણવતા જણાવે છે કે – પરીક્ષા સમયે અભ્યાસ માટે મને મોડી રાત સુધી વાંચવાની ટેવ હતી, જેનાથી મારી આંખો ઘેરાયેલી રહેતી અને સતત થાક અનુભવતી. પરીક્ષામાં તૈયારી કેવી રીતે કરવી તે અંગેના ટિમ ટિમ તારાના પાઠ જોયા પછી હું શીખી ગઈ કે પરીક્ષા સમયે મોડી રાત સુધી જાગવું નહીં તથા વચ્ચે વચ્ચે વિરામ લેતાં રહેવું. હું એ પણ શીખી કે શાંત-નિર્જન સ્થળે અભ્યાસ કરવો. મેં આ સલાહનું સચેતપણે અક્ષરશઃ પાલન કર્યું. પહેલાં પરીક્ષા સમયે જરુરી બધી જ વસ્તુઓ એકઠી કરવા દોડાદોડી કરતી જ્યારે હાલમાં આગલી રાત્રે જ બધી તૈયારીઓ કરી લઉં છું અને અંતે ચિંતામુક્ત બની પરીક્ષા આપું છું.

ટિમ ટિમ તારાના સંપર્કમાં આવ્યા બાદ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં થયેલ પરિવર્તનોની આ એક ઝાંખી છે. એ વાતમાં કોઈ શંકા નથી કે આવાં નાનાં નાનાં પરિવર્તનો આવનારી પેઢી માટે ભવિષ્યમાં નોંધપાત્ર પરિવર્તન લાવશે જ.

# તમિલનાડુમાં

તમિલનાડુમાં ઘણી શાળાઓ, છાત્રાલયો, એનજીઓ અને કોલેજોમાં થલીર થીરન થિટ્ટમ નો અમલ થઈ રહ્યો છે. સાથે સાથે, છેલ્લા બે વર્ષથી તિરુવલ્લુર, કાંચીપુરમ, ચેંગલપટ્ટુ અને નાગાપટ્ટીનમ જિલ્લાઓમાં ફેલાયેલ એક શિક્ષક ધરાવતી ૮૫૦ સાંજની શાળાઓમાં અભ્યાસ કરતાં ૨૫૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને જીવન કૌશલ્યશિક્ષણ અપાઈ રહ્યું છે.

SVRDSના સંયોજક શ્રી પી.બી. વિજયરાઘવન જણાવે છે કે – આપણી એક શિક્ષકીય સાંજની શાળાઓ ગામડાઓમાં ફેલાયેલી છે. હાલની સામાન્ય અને પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિઓ યંત્રવત્ અને કંટાળાજનક છે. માટે જ અમે થલીર થિરન થિટ્ટમ અમલમાં મૂકી છે. સ્વભાવિક રીતે જ બાળકો શિક્ષણવિદો પાસેથી અભ્યાસ કરતાં રમત-ગમતમાં વધુ રસ લેતાં. બાળકોને TTTની મનોરંજક પ્રવૃત્તિઓ ખૂબ જ રસપ્રદ લાગી અને ઉત્સાહ, ઉમંગ દર્શાવ્યો. આ પદ્ધતિ દ્વારા અભ્યાસ સરળ અને મનોરંજન બનતો હોવાથી, નબળા વિદ્યાર્થીઓ પણ ઝડપથી સિદ્ધાંતો-ખ્યાલો સમજી શકે છે. પરિણામે, તેમની આતુરતા અને આત્મવિશ્વાસનું સ્તર વધ્યું છે અને તેમની અભ્યાસની ઈચ્છા પણ બળવત્તર બની છે.



# પડઘા

થલીર થિરન થિદ્દમ સમગ્ર વિશ્વમાં ફેલાય અને લોકોનું જીવન ઉજ્જવળ બને તેવી મારી શુભેચ્છાઓ. તેના ફેલાવાની પહોંચ, તેના આદર્શો અને ઉદ્દેશ્યોનું ઊંડાણ, ઉત્કૃષ્ટતા તરફની તેની મૌન અને નિર્લેપકૂચ ભવિષ્યમાં અપરાજિથાની મહાકાય પ્રગતિનો સ્પષ્ટ સંકેત છે.

**-ડૉ. કમલમશંકર**
નિવૃત્ત (તમિલપ્રોફેસર)
ચેન્નાઈ,તમિલનાડુ

હું તમારી વિશાળ પ્રવૃત્તિઓ તથા સિદ્ધ કરેલ પ્રગતિથી પ્રભાવિત છું. ન્યૂઝલેટર યોગ્ય સારાંશ રજૂ કરે છે અને તેની આતુરતાથી રાહ જોઉં છું.

***- ડૉ. આર. એસ. રાધાક્રિષ્નન***
*હૈદરાબાદ, તેલંગાણા*

ફરી એકવાર અભિનંદન. ટીમના અવિરત અથાગ પ્રયત્નો જોઈને મને આનંદ થાય છે.

***- સેલ્વીસેન્ટોસેમ***
વહીવટીવડા
TVS લક્ષ્મી વિદ્યાસંઘમ, મદુરાઈ, તમિલનાડુ

ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ. પ્રભુ તમોને આશીર્વાદ આપે.

**- લક્ષ્મીકિશોર**
બેગલુરુ.

હિમાચલપ્રદેશ TTT કાર્યક્રમમાં જોડાઈ રહ્યો છે તે જાણીને આનંદ થયો. આવનાર દિવસોમાં ટીમ દ્વારા વધુને વધુ રાજ્યોમાં ફેલાવો થાય તેવી શુભેચ્છા. વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન દેખરેખની ટેકનોલોજી (મોબાઈલએપ્લીકેશન) આવકારદાયક છે, તેનાથી સમય બચશે અને સચોટ માહિતી મળશે.

**- એમબાલાગુરુ**
મુખ્ય વ્યવસ્થાપક (ફેસિલિટીઝ)
અપરાજિથાગ્રુપ, મદુરાઈ, તમિલનાડુ

વધુ એક આશ્ચર્યજનક અંક. અભિનંદન અને શુભકામનાઓ!!

**- આયેશાબેરીન**
એસોસિએટ બિઝનેસ મેનેજર
*ACSL,* ચેન્નાઈ,તમિલનાડુ

ઉનાળુ કેમ્પ માત્ર પાંચ દિવસ પૂરતો થયો હોવા છતાં હું વર્ષભર તેની અસરો અનુભવતો રહ્યો. હા, તેઓ રોજ આના વિશે વાતો કરે છે અને આવતા વર્ષની શિબિરની આતુરતા પૂર્વક રાહ જુએ છે.

**- ટી. મધુસુધનન**
મેનેજર
અપરાજિથા કોર્પોરેટ સર્વિસિસ (પ્રા.) લિ..,મદુરાઈ,તમિલનાડુ